શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૭ • અંક : ૦૧
જાન્યુઆરી : ૨૦૨૫

દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે નૂતન કન્યા છાત્રાલય ભવનના શિલાન્યાસ સમારોહ પ્રસંગે સદ્‌ગુરુ સંતો, મુખ્યમંત્રીશ્રી તથા યજમાનશ્રીઓની ઉપસ્થિતિ



ધૂનની મહાપૂર્ણાહુતિ, ગુરુકુલ પરિવાર સ્નેહમિલન, તથા સુવર્ણજયંતી મહોત્સવ જાહેરાત પ્રસંગે સદ્‌ગુરુ સંતોનું પૂજન, ૫૦૦ કલાક અખંડ ધૂન-ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડનું સર્ટીફીકેટ અર્પણ તથા ઉપસ્થિત સંતો-ભક્તો, અમદાવાદ ગુરુકુલ

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

વર્ષ-૧૭, જાન્યુઆરી : ૨૦૨૫, અંક : ૦૧

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

કાળના ગડે નગારાં કાળના ગડે...

કાળના ગડે નગારાં કાળના ગડે,
અગડ ધેં ધેં ધેં ધેં નગારાં કાળના ગડે;
ઢોલ ને રણતુર વાગે ઝાંઝ ખડેડે,
નેજા ને નિશાન દીસે ફોજું બહુ ફરે...અગડ-૧
નાળ્યું ને જંજાળ્યું સરવે કડે ને ધડે,
આંખ્યું મીંચી બેઠો અંધો મનસૂબા ઘડે... અગડ-૨
કઠણ વેગે કાળ આવી ઓચીંતો અડે,
જળ થોડામાં જીવ જેમ પૂરો તરફડે...અગડ-૩
ચેતવું હોય તો ચેતી લેજો બીજું રહ્યું નડે,
દેવાનંદનો નાથ ભજ્યા વિના નરકે જઈ પડે.. અગડ-૪

અનુક્રમણિકા

૧. વશિષ્ઠ અને વિશ્વામિત્રની કથા	૦૪
૨. એકાંત અને એકલતા	૦૭
૩. અદ્‌ભુત સંત અદ્‌ભુતાનંદ સ્વામી	૦૯
૪. વૈષ્ણવજન તો તેને રે કહીએ	૧૨
૫. સમાચાર દર્શન	૧૪

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar | GurukulParivar
swaminarayangurukul.org | darshan@sgvp.org

વશિષ્ઠ અને વિશ્વામિત્રની કથા

- સ્વામી માધવપ્રિયદાસ

વસિષ્ઠ અને વિશ્વામિત્ર મહાન ઋષિઓ થઈ ગયા.

વસિષ્ઠ જ્ઞાની-ધ્યાની મહાપુરુષ હતા.

વિશ્વામિત્ર પોતાની ગૂઢ શક્તિના પ્રભાવે પૃથ્વીવાસીઓને સદેહે સ્વર્ગમાં મોકલી શકતા. ત્રિશંકુની કથા એનું પ્રમાણ છે. વિશ્વામિત્ર પાસે નવી સૃષ્ટિ રચવાનું વિજ્ઞાન હતું.

વિશ્વામિત્રને ગાયત્રીમંત્રના દૃષ્ટા કહેવાય છે.

મંત્રનો જપ કરવો એ એક વાત છે, મંત્રનો સાક્ષાત્કાર કરવો એ બીજી વાત છે. દિવસ-રાત પ્રયોગનું રટણ કરવું અને પ્રયોગશાળામાં જઈ પ્રયોગ કરવો એ સાક્ષાત્કાર છે.

આઇનસ્ટાઇનનું $E=MC^2$ સૂત્ર સૃષ્ટિના અમુક અંશની જ વાત કરે છે, જ્યારે ગાયત્રી મંત્ર સૃષ્ટિવિજ્ઞાનની સાથોસાથ આપણને સૃષ્ટિના મૂળ સુધી લઈ જાય છે.

ડાર્વિન હોય કે આઇનસ્ટાઇન, એ આપણને સર્જનનો મહિમા સમજાવી શકશે, પણ સર્જનહારના ચરણ સુધી નહીં લઈ જઈ શકે. સર્જનહારના ચરણમાં શ્રદ્ધા, રતિ અને ભક્તિ તો પુરાણો જ શીખવી શકશે.

શ્રેષ્ઠ વિજ્ઞાનકથાઓ અને પુરાણોની ગાથાઓ વચ્ચે આ પાયાનો ભેદ છે. એટલે જ વિજ્ઞાનકથાઓ આપણી જીજ્ઞાસાઓ તૃપ્ત કરી શકે, પરંતુ પુરાણોની ગાથા આપણને જેવી શાંતિ આપી શકે તેવી શાંતિ વિજ્ઞાનકથાઓ આપી શકતી નથી.

વાલ્મિકી રામાયણમાં કહે છે, વિશ્વામિત્રે પોતાના યજ્ઞના રક્ષણ માટે રામ-લક્ષ્મણનું વરણ કર્યું. અયોધ્યાથી આશ્રમ તરફ પ્રસ્થાન કરતાં માર્ગમાં વિશ્વામિત્રે ભગવાન રામને મંત્રશક્તિના માધ્યમથી સેંકડો અમોઘ અસ્ત્રોનું દાન કર્યું. સાથે સાથે બલા અને અતિબલા આ બે વિદ્યાઓ આપી.

આ વિદ્યાનું ફળ બતાવતાં વિશ્વામિત્ર કહે છે, 'આ વિદ્યાઓની ઉપાસનાથી શરીરમાં ક્યારેય શ્રમ લાગતો નથી. શરીર જ્વરગ્રસ્ત થતું નથી. શરીરનું સૌંદર્ય અખંડ રહે છે. આ વિદ્યાની ઉપાસના કરનારને જાગ્રતમાં, સ્વપ્નમાં કે પ્રમાદ અવસ્થામાં પણ આસુરી શક્તિઓ પીડી શકતી નથી.'

આ બલા અને અતિબલા વિદ્યાઓને પુરાણોની દંતકથા માનવાને બદલે એ વિષયમાં સંશોધનો કરવાની જરુર છે, જેથી માનવ નિત્ય નિરોગી અને યુવાન રહી શકે ! નિત્ય સુરક્ષિત રહી શકે !

વિશ્વામિત્ર અને વશિષ્ઠ આ બન્ને મહર્ષિઓ ઉત્તમ મંત્રવેત્તાઓ હતા. આ બન્ને મહર્ષિઓની કથા પણ અદ્‌ભુત છે. આ બન્નેના સ્વભાવમાં ભારે અંતર હતું. વિશ્વામિત્ર પોતાની આશ્ચર્યકારક શક્તિઓથી વિશ્વને વશ

કરવા માગતા હતા, જ્યારે વસિષ્ઠ પોતાના મન-ઇન્દ્રિયોને જીતીને બ્રહ્મવર્ચસ્વી થયા હતા.

બન્ને વચ્ચે નજીવા કારણસર ભયંકર સંઘર્ષ થયો હતો. વસિષ્ઠની 'શબલા' ગાય સંઘર્ષનું કારણ હતી.

વિશ્વામિત્ર ચતુરંગિણી સેના સાથે યાત્રા કરતાં કરતાં વસિષ્ઠના આશ્રમમાં આવ્યા. વિશિષ્ઠે કામધેનુની પુત્રી શબલા ગાયના પ્રભાવે પૂરા સૈન્યની રાજોચિત આગતા-સ્વાગતા કરી. વિશ્વામિત્રના મનમાં આ ગાય વસી ગઈ. એણે યેન કેન પ્રકારેણ ગાય લેવા પ્રયાસ કર્યો. પણ વસિષ્ઠે કહ્યું, "રાજન્! આ ગાય દેવકાર્ય, પિતૃકાર્ય અને બ્રહ્મકાર્ય માટે છે. માટે આ ગાય મારાથી ન આપી શકાય."

ક્ષાત્રસ્વભાવે ક્રોધે ભરાયેલા વિશ્વામિત્રે ગાયના અપહરણનો પ્રયાસ કર્યો, પણ વસિષ્ઠના સંકેતમાત્રથી ગાયના શીંગમાંથી પ્રગટેલા સૈનિકોએ વિશ્વામિત્રની સેનાને પરાસ્ત કરી.

તેજોવધ પામેલા વિશ્વામિત્રે હિમાલયમાં વર્ષો સુધી તપ કર્યું. ઘોર તપશ્ચર્યા કરી ભગવાન રુદ્ર પાસેથી ધનુર્વેદ તેમજ જાત જાતના અસ્ત્રો-શસ્ત્રો મેળવ્યાં. દેવ, દાનવ, ગંધર્વ, રાક્ષસને પણ દુર્લભ એવાં દિવ્ય શસ્ત્રોથી એમણે વશિષ્ઠના આશ્રમમાં હાહાકાર વર્તાવ્યો.

નિર્દોષ વનવાસીઓનો સંહાર થતો જોઈ મહાતેજસ્વી વસિષ્ઠે પોતાનો બ્રહ્મદંડ હાથમાં લીધો.

વિશ્વામિત્રે વસિષ્ઠના નાશ માટે પોતે મેળવેલા જાત જાતના દિવ્ય અને અપૂર્વ અસ્ત્રોનો પ્રયોગ કર્યો, પણ એ તમામ અસ્ત્રોની શક્તિ વસિષ્ઠના બ્રહ્મદંડે પળવારમાં શોષી લીધી.

વાલ્મિકી રામાયણમાં બાળકાંડમાં પદમા સર્ગમાં આ તુમુલ સંગ્રામનું વર્ણન આજની કોઈ પણ સાયન્સ ફીક્શનને શરમાવે એવું છે!

બ્રહ્મદંડ હાથમાં ધારી સ્વસ્થ બેઠેલા તેજસ્વી વશિષ્ઠ સ્ટારવોર્સના 'જેદાઈ' માસ્ટર જેવા લાગે છે.

એ સમયમાં બ્રહ્માસ્ત્ર સર્વ અસ્ત્રોમાં શિરમોડ ગણાતું. વિશ્વામિત્રે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. બ્રહ્મદંડે બ્રહ્માસ્ત્રને પણ શાંત કરી દીધું અને વિશ્વામિત્રને પરાસ્ત કર્યા.

એ સમયે વિશ્વામિત્રના મુખમાંથી શબ્દો સર્યા....

धिग्बलं क्षत्रियबलं ब्रह्मतेजो बलं बलम्।

एकेन ब्रह्मदण्डेन सर्वास्त्राणि हतानि मे॥

'મારાં ક્ષાત્રબળને ધિક્કાર છે, સાચું બળ તો બ્રહ્મતેજ છે. એક જ બ્રહ્મદંડથી મારા સર્વ દિવ્ય અસ્ત્રોના તેજ નાશ પામ્યાં.'

ક્ષાત્રતેજની દુર્બળતા અને બ્રહ્મતેજની શ્રેષ્ઠતા નજરે નિહાળ્યા પછી વિશ્વામિત્રે 'બ્રહ્મર્ષિ' બનવા માટે દક્ષિણ દિશામાં જઈને ઘોર તપશ્ચર્યા કરી.

ઋષિ તપ તો કરતા હતા, પરંતુ તેનું અંતર વેર, વાસના, કામ, ક્રોધ અને લોભથી સળગતું હતું.

તપશ્ચર્યાથી બ્રહ્માજી પ્રસન્ન થયા અને વિશ્વામિત્રને 'રાજર્ષિ'ની પદવી આપી. 'બ્રહ્મર્ષિ' બનવા ઝંખતા વિશ્વામિત્ર રાજર્ષિની પદવીથી ઉલટાના શરમિંદા બન્યા.

એ દરમ્યાન અયોધ્યનાના રાજા ત્રિશંકુને સદેહે સ્વર્ગમાં જવાની ઇચ્છા થઈ. ત્રિશંકુએ વશિષ્ઠજીને વિનંતી કરી કે, "તમે મારા પુરોહિત છો, મને સદેહે સ્વર્ગમાં જવાય એવો યજ્ઞ કરાવો."

વશિષ્ઠે કહ્યું, "રાજન્! એ વાત અશક્ય છે. માનવથી સદેહે સ્વર્ગમાં જઈ ન શકાય."

નિરાશ થયેલા ત્રિશંકુએ વશિષ્ઠપુત્રોને વિનંતી કરી, એમણે પણ ના પાડી. એટલું જ નહિ, પણ ત્રિશંકુએ વસિષ્ઠ જેવા ગુરુની આજ્ઞા માની નથી એમ જાણી ત્રિશંકુને તત્કાળ 'ચાંડાલ' થવાનો શાપ આપ્યો.

કદરુપા શરીરને લીધે શોક, ચિંતા, સંતાપથી ઘેરાયેલો ત્રિશંકુ વિશ્વામિત્રને શરણે ગયો. વસિષ્ઠ સાથે ચાલતી હરિફાઈને લીધે સંતપ્ત વિશ્વામિત્રે પોતાનાં તપોબળથી ત્રિશંકુને સદેહે સ્વર્ગમાં મોકલ્યો, પરંતુ દેવતાઓએ એને સ્વર્ગમાં પ્રવેશવા ન દીધો અને ધક્કો મારી પાછો પૃથ્વી પર મોકલ્યો.

પૃથ્વી પર નીચે પડતા ત્રિશંકુએ વિશ્વામિત્રને 'પાહિમામ્'ની પ્રાર્થના કરી. વિશ્વામિત્રે પોતાનાં તપોબળથી એને પડતાં તો અટકાવી લીધો, પણ ત્રિશંકુ કાયમ માટે આકાશમાં જ ઊંધા મોંએ લટકતો રહ્યો!

ત્રિશંકુને સ્વર્ગમાં મોકલવાની પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા વિશ્વામિત્રે બીજા સ્વર્ગના નિર્માણનો સંકલ્પ કર્યો. એણે પોતાના તપોબળથી ઉત્તર ધ્રુવની પ્રકૃતિસમો દક્ષિણધ્રુવ, ઉત્તરધ્રુવના સપ્તર્ષિઓ જેવા જ સપ્તર્ષિઓ અને નક્ષત્રમાળાનાં સર્જન કર્યાં.

વિશ્વામિત્રના તપોબળથી બીજા સ્વર્ગનું નિર્માણ થતું જોઈ દેવોએ વિશ્વામિત્રને પ્રાર્થના કરી. ત્રિશંકુને જ્યાં છે ત્યાં જ 'અમરતા'નું વરદાન દીધું અને આખરે વિશ્વામિત્રે નવા સ્વર્ગના નિર્માણનો સંકલ્પ પડતો મૂક્યો. પરંતુ આ બધું કરવામાં વિશ્વામિત્રનું તપ ક્ષીણ થયું.

વિશ્વામિત્ર પુષ્કર તીર્થમાં પધાર્યા અને ફરીથી ઘોર

તપશ્ચર્યા શરુ કરી. તપશ્ચર્યાને અંતે બ્રહ્માજીએ એમને રાજર્ષિથી ઊંચી એવી 'ઋષિ' પદવી આપી, પણ વિશ્વામિત્રને જેવી અભિલાષા હતી એવી 'બ્રહ્મર્ષિ'ની પદવી ન મળી.

પુષ્કરક્ષેત્રમાં એમણે ફરીથી તપશ્ચર્યા કરી. એ સમયે દેવતાઓએ મેનકા નામની અપ્સરા મોકલી. મેનકાના સૌંદર્યથી આકૃષ્ટ વિશ્વામિત્ર ફરીથી તપોભંગ થયા. મેનકાથી ઉત્પન્ન થયેલ શકુંતલા અને મહારાજ દુષ્યંતની કથા ભારતપ્રસિદ્ધ છે.

વારંવાર તપની શક્તિ ક્ષીણ થવાથી સંતપ્ત ચિત્તવાળા વિશ્વામિત્રે હિમાલયની તળેટીમાં કૌશિકી નદીને તીરે ભયંકર તપશ્ચર્યા આરંભી. તપના પ્રભાવે બ્રહ્માજીએ એમને 'મહર્ષિ'ની પદવી આપી પણ હજુ વિશ્વામિત્ર માટે 'બ્રહ્મર્ષિ' પદ હાથવેંત દૂર હતું.

વિશ્વામિત્રે ફરીથી તપશ્ચર્યાનો આરંભ કર્યો. ઇન્દ્રે આ વખતે રંભા નામની અપ્સરાને ઋષિના તપોભંગ માટે મોકલી પણ આ વખતે વિશ્વામિત્ર રંભાથી મોહ ન પામ્યા. દેવતાઓનું છળ જાણી ગયા અને રંભાને પત્થરની શિલા થઈ જવાનો શાપ દીધો.

ક્રોધને લીધે વિશ્વામિત્રની તપશક્તિ ક્ષીણ થઈ ગઈ. આમ આત્મસંયમના અભાવે વિશ્વામિત્ર અનેકવાર નિષ્ફળ ગયા, પણ એમણે પોતાનો પુરુષાર્ષ ન છોડ્યો. તેઓ પૂર્વ દિશામાં પધાર્યા. કોઈ પણ રીતે પોતાની ઈન્દ્રિયો, અંતઃકરણ અને અંતઃશત્રુઓ ઉપર વિજય મેળવવાનો સંકલ્પ કર્યો.

વિશ્વામિત્ર ક્યારેક સ્વર્ગાદિની કામનાથી તપોભંગ થયા, તો ક્યારેક મેનકામાં મોહ પામી કામથી તપોભંગ થયા, પણ આખરે દૃઢ સંકલ્પશક્તિથી આત્મજયી થયા.

બ્રહ્માએ વિશ્વામિત્રને 'બ્રહ્મર્ષિ'ની પદવી આપી. વશિષ્ઠજીએ પણ એમને 'બ્રહ્મર્ષિ' કહી આવકાર્યા. પછી તો બન્ને મહાપુરુષો વચ્ચે અપૂર્વ મિત્રતા ઉદ્‌ભવી.

અપાર ભૌતિક ઐશ્વર્યના સ્વામી વિશ્વામિત્ર રાજાથી રાજર્ષિ થયા, રાજર્ષિથી ઋષિ થયા, મહર્ષિ થયા અને મહર્ષિથી બ્રહ્મર્ષિ થયા. વિશ્વામિત્રની આ આંતરવિકાસની યાત્રા છે. પુરાણો બાહ્યવિકાસને બદલે આંતરવિકાસના મહત્વની સ્થાપના કરે છે.

વિજ્ઞાન કરતાં પુરાણોનો દૃષ્ટિકોણ વિષદ્ છે. વિજ્ઞાન દ્વારા ગમે એટલી બાહ્ય સત્તા-સંપત્તિ-શક્તિ મેળવવામાં આવે, પણ આત્મશક્તિ અને આત્માના વૈભવ સમક્ષ એ બધું વામણું છે.

પુરાણો માત્ર બાહ્ય શક્તિ મેળવવાની વાત નથી કરતા, આંતરશક્તિઓ પ્રાપ્ત કરી 'બ્રહ્મવર્ચસ્વી' બનાવવાની વાત કરે છે.

પુરાણો અભિશાપિત સંહારકશક્તિ કરતાં મંગલમયી સર્જનશક્તિની પ્રતિષ્ઠા કરે છે. જીવનમાં ગમે એટલી બાહ્ય સત્તા, સંપત્તિ, વૈભવ હશે પણ જો અંતરમાં સ્વાર્થ, કામ, ક્રોધ અને લોભ હશે તો જીવન નર્કાગાર બનશે. આવી સ્થિતિમાં સાચા અર્થમાં સ્વર્ગનું સર્જન ક્ષીણ થઈ જાય છે.

વિશ્વને જીતે એ વીર નથી, પોતાની ઈન્દ્રિયો-અંતઃકરણ અને અંતઃશત્રુઓ ઉપર વિજય મેળવે એ જ 'પરમવીર' છે. એટલે તો તીર્થંકર વર્ધમાન 'મહાવીર' સ્વામી મનાય છે. તથાગત સિદ્ધાર્થ 'બુદ્ધ' મનાય છે. વશિષ્ટજી 'બ્રહ્મર્ષિ' ગણાય છે.

બાહ્યવિકાસના સાધનોને વિજ્ઞાન અને ટેકનોલોજી ગણવામાં આવે છે, એ જ રીતે આંતરવિકાસના સાધનોને પણ એક ઉચ્ચ પ્રકારનું વિજ્ઞાન જ માનવું જોઈએ.

એકાંત અને એકલતા

- શ્રી ભાણદેવજી

હિમાલયની યાત્રાએ અનેકવાર જવાનું બને છે. હિમાલયનાં દૂરદૂરનાં સ્થાનો, ગહન એકાંત સ્થાનોમાં જવાનું પણ બને છે અને સૌથી વિશેષ તો હિમાલયની ગુફાઓમાં જવાનું પણ બને છે. હિમાલયમાં કેટલી ગુફાઓ છે ? એક હજાર ? ના, તેથી વધારે ! બે હજાર ? ના, તેથી પણ વધારે ! હા, હિમાલયમાં હજારો ગુફાઓ છે ! અને આ ગુફાઓ ખાલી નથી. આ ગુફાઓમાં સંતો-સિદ્ધો વસે છે. અમારે પણ આ ગુફાઓમાં તેમની સાથે રહેવાનું બને છે.

ભોજનની વ્યવસ્થા કેવી રીતે થાય છે ? આજુબાજુના પહાડોના ગામડામાં રહેતા હિમાલયવાસીઓ મહિનામાં એકાદવાર આવીને મગ, ચોખા, ઘઉંના ફાડા આદિ આપી જાય છે.

અહીંના અરણ્યમાં જંગલી સુરણ, જંગલી કેળાં, જંગલી દાડમ થાય છે. કેટલીક ગુફાઓ ખૂબ મોટી હોય છે. તો પણ એક ગુફામાં બે સાધુઓ સાથે રહેતા હોય તેમ અમે કદી જોયું નથી. બે ગુફાઓ નજીક નજીક હોય અને બન્નેમાં એક એક સાધુ રહેતા હોય છે. તેઓ વર્ષો સુધી અન્યોન્યને મળતા નથી.

અમે તેમને ક્વચિત પૂછીએ છીએ, ''અન્યોન્ય મળવાનું કેમ બંધ છે ?''

તેમનો ઉત્તર ત્વરિત અને સ્પષ્ટ હોય છે, ''અમે અહીં ડાયરા ભરવા માટે અને ચોવટ કરવા માટે નથી આવ્યા.''

આ શું છે ?

આ એકાંત છે ! આ એકાંતવાસ છે ! હિમાલયમાં એક વાર એક એકાંતવાસી, ગુફાનિવાસી સાધુ સાથે થોડો સત્સંગ થયો અને માંડમાંડ તેમના વિશે થોડું જાણી શકાયું.

તેઓ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લઈ ચૂક્યા છે. અનેકવાર જેલવાસ ભોગવ્યો છે.

૧૫ ઓગસ્ટ, ૧૯૪૭માં ભારતને સ્વાતંત્ર્ય મળ્યું. તે સમયે તેઓ પણ લાલકિલ્લાના મેદાનમાં હાજર હતા. સવારે મનમાં સંકલ્પ થયો, ''આ સમાજ પ્રત્યેનું મારું કર્તવ્ય પૂરું થયું, હવે મારી અધ્યાત્મયાત્રાનો પ્રારંભ થાય છે.''

આવા સંકલ્પ સાથે તેઓ દિલ્હીથી પગપાળા જ નીકળી પડ્યા અને હિમાલયની આ ગુફામાં પચાસ વર્ષથી રહે છે. પચાસ વર્ષમાં એક પણ વાર અન્યત્ર ગયા નથી, જવાની ઇચ્છા પણ થઈ નથી !

આ એકાંત છે !

આ એક અધ્યાત્મપુરુષનો એકાંતવાસ છે !

એકનિષ્ઠ અને ગહન અધ્યાત્મસાધન માટે સાધક એકાંતવાસ સ્વીકારે છે અને આ એકાંતવાસને પચાવી શકે છે.

અમે તેમને પૂછીએ છીએ, ''તમારો સમય કેવી રીતે પસાર થાય છે ?''

ઉત્તર સ્પષ્ટ અને સચોટ હોય છે. ''ચોવીશ કલાક ઓછા પડે છે !''

''આપ શું કરો છો ? આપ આ દીર્ઘકાલીન એકાંતવાસ અને આ ઘનિષ્ઠ સાધના દ્વારા શું પામ્યા ?''

અહીં પણ ઉત્તર સ્પષ્ટ અને સચોટ છે, ''અધ્યાત્મસાધન અને આધ્યાત્મિક અનુભૂતિઓ વિશે મૌન રહેવું - આ અધ્યાત્મપથની શિસ્ત છે.''

આ એકાંત છે ! આ એકાંતવાસ છે !

હઠયોગપ્રદીપકાના રચયિતા મહાયોગી સ્વાત્મારામ

લખે છે :

''एकान्ते-मठिकामध्ये स्थातव्यं हठयोगिना ।''

''હઠયોગીએ એકાંત સ્થાનમાં મઠિકામાં નિવાસ કરવો જોઈએ.''

અધ્યાત્મસાધન માટે એકાંતવાસ વધુ ઉપયુક્ત છે, તેમ સમજીને સાધનામાં એકાગ્ર થવા માટે સાધક સ્વેચ્છાએ એકાંતવાસનો સ્વીકાર કરે અને આ એકાંતવાસનો અધ્યાત્મસાધન માટે ઉપયોગ કરે તો તે યથાર્થ એકાંત છે, એકાંતવાસ છે !

એકલતા શું છે ?

એકલા રહેવું ફાવતું નથી. એકલા રહેવું ગમતું નથી. એકલતા અકારી લાગે છે, પરંતુ કોઈનો સાથ સંગાથ નથી એટલે ન છૂટકે એકલા રહેવું પડે છે. આ એકલતા છે અને આ એકલતા પીડાદાયક છે.

જેલમાં એકાંતકોટડીની સજા પામેલ કેદી પણ એકલો જ રહે છે. તેમની આ એકલતા પસંદગી નથી, પરંતુ સજા છે. આ એકલતા તેમને માટે પીડા છે.

ઘરમાં એકલા બેઠા બેઠા કોઈની વાટ જોવામાં આવે અને કોઈ ન આવે તો કોઈની સાથે બેસવા માટે વાતો કરવા માટે બહાર ફરવા નીકળે, પરંતુ કોઈ ન મળે તો પુનઃ એકલા જ એકલા ! આ એકલતા છે!

એકાંત અને એકલતાની તુલના જોઈએ.

(૧) એકાંત સ્વેચ્છાએ સ્વીકારવામાં આવે છે.
એકલતા અનિચ્છાએ આવી પડેલ છે.

(૨) એકાંત અધ્યાત્મસાધન માટે છે.
એકલતા ઉદ્દેશ્યહીન છે.

(૩) એકાંત આનંદપૂર્ણ અને શાંતિપૂર્ણ છે.
એકલતા પીડાદાયક છે.

(૪) એકાંતવાસી એકાંત ચાલુ રાખવા ઇચ્છે છે.
એકલતાવાસી એકલતા પૂરી કરવા ઝંખે છે.

(૫) એકાંતવાસી સદા પ્રસન્ન છે.
એકલતાવાસી સતત મૂંઝાયેલો રહે છે.

(૬) એકાંતવાસી કાંઈક પામે છે.
એકલતાવાસી કાંઈક ગુમાવે છે.

(૭) એકાંતવાસી કોઈની વાટ જોઈને બેઠા નથી.
એકલતાવાસી કોઈની સતત વાટ જુએ છે.

(૮) એકાંત તો પ્રભુની કૃપા છે.
એકલતા તો સજા છે.

તમે શું ઇચ્છો છો ? એકાંત કે એકલતા ?

એકલતા આવી પડી હોય તો તેનું એકાંતમાં રૂપાંતર થઈ શકે નહીં ? હા, થઈ શકે !

મહાત્મા ગાંધીજીએ જેલની એકલતાનું એકાંતમાં રૂપાંતર સિદ્ધ કર્યું હતું. ગાંધીજીએ યરવડા જેલનું યરવડા મંદિરમાં રૂપાંતર સિદ્ધ કર્યું હતું. ■■■

ચંદ્રાવળા

- ત્રિભુવનભાઈ વ્યાસ

ધર્મના ધતીંગ

ધરમને નામે ઢગલા થાય જે -
ગઠિયા મોજ ઉડાવે,
એ તો આંધળો વેજું વણે ને -
વાંહેથી વાછડું આવે !
વાંહેથી વાછડું આવે વણેલું,
સરવાળે મીંડું આવે ગણેલું,
કહે કોવિદરામ ભોળાં ભરમાય જે
ધરમને નામે ઢગલા થાય જે
ગઠિયા મોજ ઉડાવે !

'સદા ટાઢ તડકો અને મેઘ ખમતી,
ઉતરવા કહો પણ ન નીચે ઊતરતી
અહીં કોણ આવ્યું અને કેમ આવ્યું ?
ધરમના ધતીંગો ધજા ઓળખે છે.'

- જગદીશ ત્રિવેદી

અત્યારે ધર્મના નામે ધતીંગ વધુ થાય છે. લાલચુ અને અંધશ્રદ્ધાળુ ભક્તો ધર્મના નામે ધનના ઢગલાં કરે છે અને સંતના શ્વાંગમાં ગઠિયા એની મોજ ઉડાવે છે.

''છે ગરીબોના કૂબામાં તેલ ટીપું દોહ્યલું,
ને શ્રીમંતોની કબર પર ઘીનાં દીવાં થાય છે.
કામધેનુને મળે ના એક સૂકું તણખલું,
ખેતરોના ખેતરો સૌ આખલાં ચરી જાય છે.''

કવિ યથોચિત ઉપમા આપતા કહે છે કે કોઈ પ્રજ્ઞાચક્ષુ કાપડ વણતો હોય અને પાછળથી વાછરડું આવીને કાપડ ચાવવા લાગે એમ ધર્માંધ લોકો રૂપિયા આપે અને કહેવાતા ધર્મગુરૂઓ એ રૂપિયા ઉડાડે ત્યારે સરવાળે તો શૂન્ય જ વધે છે. અંતે ભોળા અથવા લાલચુ ભક્તો ભરમાતા રહે છે. ■■■

અદ્‌ભુત સંત અદ્‌ભુતાનંદ સ્વામી

- સાધુ યજ્ઞવલ્લભદાસ



અભ્યાસ અને સંતસેવા

ભગવાન શ્રીસ્વામિનારાયણ સંસ્કૃતિના પોષક હતા. મૂળના પોષણ વિના વૃક્ષ લીલું રહે નહીં, એવા જ કોઈ હેતુથી શ્રીજી મહારાજે વિશાળ મંદિરો બાંધ્યાં, શાસ્ત્રોનો પ્રચાર-પ્રસાર કર્યો, સંતોને વિદ્યાભ્યાસ કરાવ્યો, ગ્રંથોની રચનાઓ કરાવી. સાથેસાથે સંગીત, ચિત્ર, શિલ્પ વગેરે કળાઓમાં પણ સંતો નિપૂણ થાય એ માટેની તમામ વ્યવસ્થાઓ કરાવી અને સ્વયં પોતે સંતોનું ઘડતર કર્યું.

શ્રીજી મહારાજ સારી રીતે જાણતા હતા કે, વિદ્વાન દ્વારા જ ધર્મ કે સંપ્રદાયનું પોષણ થઈ શકે. જ્યાં સુધી ધર્મગુરુ શાસ્ત્રજ્ઞાતા ન હોય, શાસ્ત્રનાં રહસ્યને પામ્યો ન હોય, સત્-અસત્‌ના વિવેકને પૂર્ણ રીતે જાણતો ન હોય, ત્યાં સુધી એ આમજનતાને કેમ સમજાવી શકે ? એટલે જ ભગવાન શ્રીસ્વામિનારાયણ પોતાના ત્યાગી શિષ્યસમુદાયને શાસ્ત્ર ભણાવવાનો ખૂબ આગ્રહ રાખતા હતા. એ માટે શ્રીજી મહારાજે અમદાવાદ, સુરત, જેતલપુર વગેરે થોડી સગવડતાવાળા શહેરોમાં સંતોને રોક્યા હતા અને વિદ્યાભ્યાસ કરવાની પ્રેરણા આપી હતી.

કેટલાક સંતો તીવ્ર બુદ્ધિશાળી હતા. એમને વિશેષ અભ્યાસ માટે પ્રસિદ્ધ વિદ્વાનો પાસે ભણવા મોકલ્યા હતા. કેટલાક સંતો સંગીતમાં તૈયાર થાય એવા હતા, એમને સંગીતની તાલીમ અપાવતા અને પૂરતી હૂંફ આપી એમનો ઉત્સાહ વધારતા. ઉપરાંત કેટલાક સાધુઓને લેખનમાં, કેટલાકને ચિત્રકલામાં, કેટલાકને શિલ્પકળામાં તૈયાર કર્યા હતા.

‘મારો આશ્રિત સાધુ સાધુતામાં પણ ઊણો ન રહે અને વિદ્યા-કળામાં પણ કોઈથી ઊતરતો ન રહે’ એવું શ્રીજી મહારાજનું તાન હતું. શ્રીજી મહારાજના આશયને સંતોએ પારખ્યો હતો અને સફળ પણ કર્યો હતો. સંતોએ ઓછી સગવડો વચ્ચે પણ ખૂબ સારો અભ્યાસ કર્યો હતો અને પોતપોતાનાં ક્ષેત્રમાં નિપૂણતા પ્રાપ્ત કરી હતી. શ્રીજી મહારાજે સંતોને ભણાવવા માટે કરેલી વ્યવસ્થા વિશે અદ્‌ભુતાનંદ સ્વામી સ્વયં કહે છે, “શ્રીજી મહારાજ દર વર્ષે મોટા મોટા ઉત્સવ-સમૈયા જુદેજુદે સ્થળે વારંવાર કરતા. એ સમૈયાઓમાં દેશદેશાંતરથી મોટી સંખ્યામાં ભક્તજનો એકત્રિત થતા. આવા પ્રસંગોમાં ભણનારા સંતોના વિદ્યાભ્યાસમાં કોઈ અડચણ ન પડે એની કાળજી મહારાજ પોતે રખાવતા. ખાસ કરીને શાસ્ત્ર ભણનારા સંતો, લહિયા અને સંગીત શીખતા સંતો માટે ઉતારાની જુદી સગવડ કરવામાં આવતી.

અદ્‌ભુતાનંદ સ્વામી સાધુ સ્વાભાવના હતા. એમને અભ્યાસની સાથે સાથે સેવાનું પણ ખૂબ તાન રહેતું. સેવા કરવાના અવસરને તેઓ સામેથી વધાવી લેતા અને મહારાજ તથા સંતોનો રાજીપો મેળવી લેતા.

એક સમયે મહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી નાના વીસ વિદ્યાર્થી સંતોને લઈને જેતલપુર સંસ્કૃતનો અભ્યાસ કરાવવા આવ્યા હતા. જેમાં અદ્‌ભુતાનંદ સ્વામી પણ સાથે હતા. જેતલપુરના ભક્તરાજ આશજીભાઈની ખડકીને મેડે સંતોએ ઉતારો કર્યો.

સવારે સંતો ગામમાં કાવડ માંગવા જતા. કાવડમાં જે કાંઈ લોટ, દાળ, ચોખા આવે એ રાંધીને જમતા અને વગડામાં જતા રહેતા, કારણ કે ગામમાં વધુ રહેવાની મહારાજની આજ્ઞા નહોતી.

એક દિવસની વાત છે. ચૈતન્યાનંદ સ્વામી દરરોજ કાવડ માંગવા જતા, પરંતુ એમની દાઢમાં અસહ્ય દુખાવો શરૂ થયો એટલે તેઓ જઈ શકે એમ ન હતા. તેથી અદ્‌ભુતાનંદ સ્વામી કાવડ માંગવા જવા તૈયાર થયા. ત્યારે ભાઈરામદાસજી સ્વામી અદ્‌ભુતાનંદ સ્વામીને કહે,

''તમને શ્રીજીએ ભણવા મોકલ્યા છે તે ભણો.'' અદ્‌ભુતાનંદ સ્વામી કહે, ''ભણીને સંતની સેવા કરીશું ત્યારે બુદ્ધિ પામશું.'' અદ્‌ભુતાનંદ સ્વામીનો આવો જવાબ સાંભળીને ભાઈરામદાસજી ખૂબ રાજી થયા અને કહ્યું, ''ઘણું સારું, તમે કાવડ માંગજો.''

આમ, રાજી થઈને ભાઈરામદાસજીએ અદ્‌ભુતાનંદ સ્વામીને આજ્ઞા આપી તેથી જેતલપુરમાં છ મહિના કાવડ માગી. એ સેવાના પ્રતાપે સંતો અને શ્રીજી મહારાજ સ્વામી ઉપર ઘણા રાજી થયા. સ્વામીને પગે વાળો નીકળ્યો હતો તે પણ મટી ગયો.

★★★★★★★★

અદ્‌ભુતાનંદ સ્વામીને મહિમાનું અંગ હતું. તેઓએ શ્રીજી મહારાજને જેવા જાણવા જોઈએ તેવા જાણી લીધા હતા. સાથેસાથે સંતોનો પણ એમને અપાર મહિમા હતો. નાનામાં નાની સેવા કરવામાં તેઓ ક્યારેય ખચકાતા નહીં. ભારે મહિમા બુદ્ધિથી સંતોની સેવા કરતા. એક સમયે મુક્તાનંદ સ્વામી દોઢસો સાધુઓનું મંડળ લઈને સુરત ગયા હતા. શહેર બહાર એક વાડીમાં સંતોએ ઉતારો કર્યો હતો.

રોજ શહેરમાંથી સંતો ભિક્ષા માંગી લાવતા. જે મળે તે ભેગું કરી સંતો જમી લેતા. બાકીના સમયે વિદ્યાભ્યાસ અને ભજન-સ્મરણ કર્યે રાખતા.

એ વખતે સુરત શહેરમાં રોગનો ઉપદ્રવ ફાટી નીકળ્યો હતો. કેટલાય લોકો રોગનો ભોગ બન્યા હતા અને મૃત્યુ પામ્યા હતા. રોગની અડફેટમાં સંતો પણ આવી ગયા. જેથી બધા સંતો બીમાર થઈ ગયા.

એક અદ્‌ભુતાનંદ સ્વામી સાજા હતા. દોઢસો સંતો માંદા અને એક અદ્‌ભુતાનંદ સ્વામી સાજા. માંદા સંતોનો મંદવાડ એટલો બધો આકરો હતો કે તેઓ દેહની ક્રિયા પણ જાતે કરી શકતા નહીં, તેથી એ બધા સંતોની સેવા એકલા અદ્‌ભુતાનંદ સ્વામીએ ઉપાડી લીધી.

સંતોને જમવાની વ્યવસ્થામાં જેને જે જોઈએ તે શહેરમાં જે બ્રાહ્મણ હરિભક્તો હતા તેમને કહી મંગાવી લેતા અને સંતોને જમાડતા. વાડીમાં એક કૂવો હતો. કૂવામાંથી પાણી સીંચી થાળું ભરતા.

થાળામાં ગરમ પાણી ભેળવી સંતોને સ્નાન કરાવતા.

તેમનાં વસ્ત્રો ધોતાં, પગ દબાવતા. આમ રાત-દિવસ સ્વામીએ ખૂબ જ મહિમાપૂર્વક માંદા સંતોની સેવા કરી સર્વને સાજા કર્યા હતા.

એ વખતે બીમારીનો પ્રકોપ ખૂબ વધી ગયો હતો. જેથી ત્રણ સંતો - અખિલબ્રહ્માણ્ડેશ્વરાનંદ સ્વામી, ત્રિવિક્રમાનંદ સ્વામી અને પ્રભાનંદ સ્વામી રોગનો ભોગ બન્યા અને તેઓએ શરીર છોડી દીધું હતું.

આ ત્રણે સંતોએ શરીર છોડતી વખતે 'શ્રીજી મહારાજ તેડવા પધાર્યા છે' એમ કહી શરીર છોડ્યા હતા.

આમ, અદ્‌ભુતાનંદ સ્વામીએ પોતાના શરીરની પરવાહ કર્યા વિના દોઢસો સંતોની સેવા કરીને ખૂબ પ્રસન્નતા મેળવી હતી.

માંદાની સેવા કરવાથી શ્રીજી મહારાજની ખૂબ પ્રસન્નતા મળે છે. ઉપરાંત જે માંદા હોય એ પણ સેવા કરનારા ઉપર ખૂબ રાજી થાય છે. એ રાજીપો સાધનામાર્ગને સરળ અને ટૂંકો કરી દે છે.

ચરણારવિંદની ભેટ

વડોદરાના ગાયકવાડ સરકારના વિદ્વાનોએ ભગવાન શ્રીસ્વામિનારાયણના વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરવાનું આમંત્રણ મોકલ્યું. મહારાજે એ આમંત્રણનો સ્વીકાર કરી મુક્તાનંદ સ્વામીને ગઢપુરથી વડોદરા શાસ્ત્રાર્થ માટે મોકલ્યા. મુક્તાનંદ સ્વામીની પ્રતિભા સામે વડોદરાના વિદ્વાનો પરાજિત થયા, મુક્તાનંદ સ્વામી સભા જીત્યા. આ શુભ સમાચાર લઈને વડોદરાના નાથભક્ત ગઢપુર ચાલતા આવ્યા.

શ્રીજી મહારાજ વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીએ બિરાજમાન હતા. એ સમયે નાથભક્તે આવી મહારાજને સમાચાર આપ્યા કે, 'મુક્તાનંદ સ્વામી વડોદરાની સભા જીત્યા.' સમાચાર સાંભળી શ્રીજી મહારાજ ખૂબ પ્રસન્ન થયા. પ્રસન્નતાભર્યા મુખે મહારાજે પૂછ્યું, ''નાથભક્ત ! તમે ક્યારે ચાલતા થયા હતા ?'' નાથભક્ત કહે, ''મહારાજ ! પરમ દિવસે. મુક્તાનંદ સ્વામી સભામાંથી ઉતારે ગયા અને હું સીધો અહીં આવું છું.''

નાથભક્તની શ્રદ્ધા જોઈ મહારાજ રાજી થયા અને પૂછ્યું, ''એકધારા બે દિવસ ચાલવાથી તમે થાકી ગયા હશો ?'' એમ પૂછી મોટીબાને કહ્યું, ''આ નાથભક્તને ઊના પાણીએ નવરાવો અને ગોળ-ઘી ખવરાવો.''

મહારાજની આજ્ઞાથી મોટીબાએ નાથભક્તને નવરાવવાની વ્યવસ્થા કરી અને ગોળ-ઘી જમાડ્યા.

પછી મોટીબાને બોલાવી મહારાજે કહ્યું, ''મુક્તાનંદ સ્વામી વડોદરાની સભા જીત્યા ને અમારું પંડિતોની સભામાં પ્રતિપાદન કર્યું, માટે આજે સાકર વહેંચવી જોઈએ.''

મહારાજની મરજી જાણી મોટીબાએ ગઢપુરમાં સાકર વહેંચી. પછી મહારાજે અત્યંત ઉત્સાહથી બસો જોડ ચરણારવિંદ કાગળ ઉપર પાડી આપ્યા અને અદ્‌ભુતાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી ! તમે આ ચરણારવિંદ લઈને નાથભક્ત સાથે વડોદરા જાઓ. અમારો આ રાજીપો મુક્તાનંદ સ્વામીને આપજો અને કહેજો કે, તમારી ઉપર મહારાજ ખૂબ રાજી છે.''

અદ્‌ભુતાનંદ સ્વામી વડોદરા આવ્યા. મહારાજનો રાજીપો કહી બતાવ્યો અને બસો જોડી ચરણારવિંદ આપ્યાં. મુક્તાનંદ સ્વામીએ મહારાજનો રાજીપો મેળવી ધન્યતા અનુભવી અને ચાર ચરણારવિંદની જોડ અદ્‌ભુતાનંદ સ્વામીને આપી કહ્યું, ''સાધુરામ ! તમે મહારાજનો રાજીપો મારા સુધી પહોંચાડ્યો એટલે આ ચાર જોડ ચરણારવિંદ તમે રાખો.''

અન્ય પચાસ જોડ ચરણારવિંદ સાથેના સંતોને આપ્યાં અને અન્ય વડોદરાના ભક્તોને વહેંચી દીધાં.

આ રીતે અદ્‌ભુતાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીની પ્રસન્નતા પ્રાપ્ત કરી ચરણારવિંદ મેળવ્યાં હતાં.

ગઢડામાં મંદિરની સેવા

જૂનાગઢમાં મંદિરનું બાધકામ ચાલુ કરવાનું હતું. એ માટે સંતોને જૂનાગઢ મોકલવાના હતા. મહારાજે બ્રહ્માનંદ સ્વામીને જૂનાગઢ જવાની આજ્ઞા કરી. સ્વામીએ સહર્ષ આજ્ઞા સ્વીકારી અને કહ્યું, ''મારી મદદે બીજા સાધુઓને પણ મોકલો.'' ત્યારે મહારાજે અદ્‌ભુતાનંદ સ્વામીને બ્રહ્માનંદ સ્વામી સાથે જવાની આજ્ઞા કરી. અદ્‌ભુતાનંદ સ્વામી પણ જવા તૈયાર થયા, પરંતુ રાત્રે તાવ આવવાથી સ્વામી સવારે ઊઠી શક્યા નહીં. બ્રહ્માનંદ સ્વામી અન્ય સંતોને લઈ જૂનાગઢ નીકળી ગયા.

એ જ દિવસે દરબારગઢમાં સભા ભરાઈને બેઠી હતી. ત્યારે જીવુબાએ મહારાજને વિનંતી કરી કે, ''મહારાજ ! બીજે ગામ મંદિર કરાવો છો તો આ પરમ પ્રસાદીના ગઢપુરમાં પણ મંદિર કરાવો.''

મહારાજે વિનંતીનો સ્વીકાર કર્યો અને દરબારગઢમાં જ મંદિર કરવું એવું નક્કી થયું. ત્યારે મહારાજે સભામાં સર્વ સંતોને પૂછ્યું, ''મંદિરનું કામકાજનું ધ્યાન રાખવા આગેવાન કોને કરીશું ?''

ત્યારે અખંડાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ ! અદ્‌ભુતાનંદ સ્વામીને તાવ આવ્યો હતો તેથી તેઓ જૂનાગઢ નથી ગયા. એમને જ આપ આજ્ઞા કરો.''

મહારાજે અદ્‌ભુતાનંદ સ્વામીને સભામાં બોલાવ્યા અને કહ્યું, ''સ્વામી ! તમે ગઢપુરના મંદિરનું કામ આગેવાન થઈને કરાવો.''

ત્યારે સ્વામીએ કહ્યું, ''પણ મહારાજ ! મારું કોણ માને ?''

મહારાજ સભાને સંબોધતા કહે, ''તમારું કહ્યું કરવું હોય તે અહીં રહે અને ન કરવું હોય એ દેશમાં ફરવા જાય.''

મહારાજના આ પ્રકારના વચનો સાંભળી સર્વ સંતો-પાર્ષદોએ કહ્યું, ''મહારાજ ! અમે અદ્‌ભુતાનંદ સ્વામી જેમ કહેશે તેમ કરીશું.''

આમ અદ્‌ભુતાનંદ સ્વામીની આગેવાનીમાં ગઢપુર મંદિરનું બાંધકામ ચાલુ થયું. ખૂબ જ થોડા સમયમાં મંદિરનું ઘણું કામ પૂર્ણ થયું હતું, પરંતુ દ્વેષી લોકોની કાનભંભેરણીથી ભાવનગર રાજ્ય તરફથી દાદા ખાચરને ઘણી મોટી ઉપાધિ આવતી હતી. તેથી શ્રીજી મહારાજે રાત્રિના સમયે છાની રીતે ગોપીનાથજી મહારાજ વગેરે દેવની મૂર્તિઓ મંદિરમાં પધરાવી હતી. પછી એ જ વખતે મહારાજ દાદા ખાચર, મોટીબા, સર્વ સંતોને લઈ રાતોરાત કારિયાણી જતા રહ્યા. જતાં જતાં મહારાજે નિત્યાનંદ સ્વામી અને અદ્‌ભુતાનંદ સ્વામીને આજ્ઞા કરી હતી કે, તમે સવારે મુકુંદાનંદ બ્રહ્મચારી પાસે દેવોની આરતી ઊતરાવી કારિયાણી આવજો. એ મુજબ બ્રહ્મચારીએ વહેલી સવારે આરતી કરી અને નિત્યાનંદ સ્વામીએ શંખ વગાડ્યો.

પછી અદ્‌ભુતાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી કારિયાણી ગયા. સર્વ સમાચાર કહ્યા. મહારાજ બન્ને સંતો ઉપર ખૂબ રાજી થયા અને મોટીબાને કહ્યું, ''આ નિત્યાનંદ સ્વામી અને અદ્‌ભુતાનંદ સ્વામી તમારે ઘરે ઠાકોરજી પધરાવીને આવ્યા છે, માટે આજે એમને થાળની પ્રસાદી આપજો.''



વૈષ્ણવજન તો તેને રે કહીએ..... .....જે પીડ પરાઈ જાને રે.

- મહેશ પઢારિયા

ગુજરાતીના આદિ ભક્તકવિ નરસિંહ મહેતાનું, દુનિયાની લગભગ મોટા ભાગની ભાષાઓના કલાકારોના કંઠે ગવાયેલું, મહાત્મા ગાંધીને અત્યંત પ્રિય એવા ભજન 'વૈષ્ણવજન' માં વૈષ્ણવજનના લક્ષણો વ્યક્ત થયા છે.

ક્યારેક પ્રશ્ન થાય કે બાપુને આ ભજન આટલું બધું પ્રિય કેમ થયું હશે ? જવાબ શોધતા આ પદની જે ખૂબીઓ દેખાઈ આવે એમાં પહેલી તો એ છે કે આ પદની ભાષા અહિંસક છે. ભાષા પણ હિંસક કે અહિંસક હોઈ શકે.

અખો, ભોજાભગત વગેરેએ ધાર્મિકદંભને આડે હાથ લઈને ચાબખા માર્યા છે. જ્યારે અન્ય કેટલાક વિચારકો, કવિઓએ કે ભક્તોએ માણસને ઈશ્વરાભિમુખ કરવા પોતાની રચનાઓમાં સ્વર્ગની લાલચ કે નર્કનો ડર બતાવ્યો. જ્યારે પ્રસ્તુત પદ 'વૈષ્ણવજન' માં નરસૈયાએ વૈષ્ણવજન કોને કહેવાય ? તેની લાક્ષણિકતાઓ બતાવીને આપણી સામે માત્ર અરીસો ધરવાનું કામ કર્યું છે. અરીસો ધરી બસ એટલું જ કહે છે કે, તું જ નક્કી કર કે તું કેટલા અંશે વૈષ્ણવજન છો ?

વ્યક્તિને આવી સ્વતંત્રતા આપનાર પદમાં લોકતંત્રનું અભિવાદન અનુભવાય છે. ક્યાંય હિંસક લાગતો શબ્દપ્રયોગ જ ન હોય અને ઉચ્ચ કક્ષાનું વૈષ્ણવત્વ કોને કહેવાય એ સુપેરે જણાવતું પદ, લોકતંત્ર અને અહિંસાના આરાધક એવા બાપુનો પ્રેમ પામે એમાં નવાઈ શું ?

બીજી એક ધ્યાન ખેંચે એવી બાબત એ છે કે, નરસિંહ મહેતાએ પોતાને પ્રાપ્ત થયેલી પરંપરા મુજબ ભગવાનના ભક્ત માટે 'વૈષ્ણવજન' શબ્દ પ્રયોજ્યો છે. પણ વૈષ્ણવજનનાં લક્ષણોની જે વાત મહેતાજી કરે છે, એ મારા નમ્ર મત મુજબ કોઈપણ ધર્મ - સંપ્રદાયના અદના આદમી, સાધકને લાગુ પડે એમ છે. તમે 'વૈષ્ણવજન તો તેને કહીએ...' એ પંક્તિમાં વૈષ્ણવજનની જગ્યાએ 'મુસ્લિમજન તો તેને કહીએ...' મૂકીને વાંચો, ગાવ તો લક્ષણોમાં કોઈ ફેરફાર નહીં જ કરવો પડે. આવું જ પારસીજન, ખ્રિસ્તીજન, શીખજન વગેરે માટે પણ લાગુ પડે છે.

ટૂંકમાં આ પદ સર્વધર્મસમભાવ વ્યક્ત કરતું પદ પણ છે. એટલે હવે બાપુને આ પદ અત્યંત પ્રિય કેમ બની ગયું એનું રહસ્ય થોડું ઘણું સમજી શકાય એમ છે.

આ પદમાં વર્ણવેલ વૈષ્ણવજનનાં લક્ષણો પૈકી પ્રથમ લક્ષણ છે 'જે પીડ પરાઈ જાણે રે....'

પારકી પીડા જ્યારે પોતાના હૃદયમાં માળો બાંધે, ત્યારે માણસ પરકાયા પ્રવેશની સિદ્ધિ હસ્તગત કરતો હોય છે.

મહાત્મા ગાંધીએ પોતાના રાજકીય ગુરુ ગોખલેજીની સલાહથી જાહેરમાં મૌન પાળીને એક વર્ષ સુધી ભારત ભ્રમણ કરીને ખરા અર્થમાં ભારતને પામવાનો પ્રયાસ કર્યો. આ એક વર્ષ દરમ્યાન એમણે ભારતની ગરીબીના દર્શન કર્યા અને જિંદગીભર ત્રીજું વસ્ત્ર ધારણ નહીં કરવાની ભીષ્મપ્રતિજ્ઞા કરી. આ ઘટનામાં બાપુએ ભારતની ગરીબ પ્રજામાં કરેલો પરકાયા પ્રવેશ હતો.

કપિલવસ્તુનગરના યુવરાજ સિદ્ધાર્થને કયુ દુઃખ હતું ? એમણે કરેલી છન્ન સાથેની નગરયાત્રા દરમિયાન જોયેલા માંદગી, વૃદ્ધત્વ અને મૃત્યુના દ્રશ્યોથી સંસારની આધિ-વ્યાધિ માત્ર જોઈ નહીં પણ અનુભવી.

આ 'જોવું' અને 'અનુભવવુ' માં જમીન-આસમાનનો તફાવત છે. સિદ્ધાર્થ સિવાયના આપણે સૌ રોજ આવાં દશ્યો જોઈએ છીએ. જે અનુભવે એ પીડા પામે પણ ખરો અને પોતાના સહિત અન્યોને આ પીડામાંથી મુક્ત કરવાનો પ્રયાસ પણ કરે.

સિદ્ધાર્થનું મહાભિનિષ્ક્રમણ એ એમનું 'પીડ પરાઈ જાણી'ને એમાંથી માણસજાતને છોડાવવા માટે થયેલું મહાપ્રયાણ હતું.

અમેરિકાના પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકન સાહેબ વ્હાઈટહાઉસથી પાર્લામેન્ટ જતા કાદવમાં ખૂંપી ગયેલા એક ભૂંડને જોવે, એની પીડાને પામીને તે ભૂંડ કાઢવા જાય

અને મોડા પડે. આ અંગે કોઈએ એમને પૂછ્યું 'તમે આવું કેમ કર્યું ?' તો લીંકન જવાબ આપે 'એની પીડા એ મને, મારી જાતને એટલી પીડાદાયક લાગી કે એમાંથી મુક્ત થવા માટે ભૂંડને પીડામુક્ત કરવું અનિવાર્ય બની ગયું.' આ હતી લિંકનની કરુણા.

પીડા જોવે તો માત્ર દયા ઉપજે પણ જે પીડા પામે એને દયાની ચરમસીમા એવી કરુણા ઉપજે. બુદ્ધ, ગાંધી વગેરેના આવા કરુણામય જીવન પાછળ એમણે પામેલી 'પરપીડા' હતી.

આ પરપીડા જાણવી એ માત્ર વૈષ્ણવજન નહીં પણ સાચા અર્થમાં માનવ બનવા માટેનું પણ પ્રથમ પગથિયું ગણાય.

દયાવિહીન નર પશુની પંક્તિમાં જઈને બેસે એવું બને. પ્રાચીન સમયમાં આપણે ત્યાં આવા દયાવિહીન માણસ માટે અસૂર શબ્દ પ્રયોજાતો.

પરની પીડા નહીં જાણનારો અસુર પોતાની પાસે ઘણું બધું હોવા છતાં તે પરાયું ધન, સંપત્તિ કે સ્ત્રી હરવા તત્પર રહેતો હોય છે. રાવણ, કંસ, દુર્યોધન આના ઉત્તમ ઉદાહરણો છે.

અત્યારના સમયમાં પણ પર પીડા નહિ સમજનારા ભ્રષ્ટાચાર કરીને અન્યના અધિકારનું ધન ઓળવી જાય છે. ગેરરીતિ દ્વારા અન્યના લાભો હરીને અન્યોના હોદ્દાઓ સુધી પહોંચી જાય છે.

આમ આજનો કહેવાતો સભ્યસમાજ પણ આધુનિક રાવણ, કંસ કે દુર્યોધનની અસભ્યતાથી ભરેલો છે.

આપણી આ અપ્રમાણિકતાના પાયામાં આપણી 'પર પીડા' પામવાની અશક્તિ રહેલી જણાય છે. પ્રમાણિકતા એ તો આધ્યાત્મિકતાનું પ્રથમ પગથિયું ગણાય અને પ્રામાણિકતા માટે આ પરપીડા જાણવી, એ અનિવાર્ય બાબત ગણાય એ સ્વાભાવિક છે.

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી સંતની લાક્ષણિકતા આપતા લખે છે...

'સંત પરમ હિતકારી, જગતમાં સંત પરમ હિતકારી..'

અન્યનું પરમ હીત જેને હૈયે વસેલું છે, અન્યનું હીત કરવા સદા તત્પર રહે, તે સંત. આ અન્યનું હીત એ જ કરી શકે છે જે અન્યની પીડા પામી શકે. કોઈ વ્યક્તિને 'પરની પીડા' જાણ્યા-અનુભવ્યા વિના પરહીતની દિશા જડવી પણ મુશ્કેલ છે.

એક જમાનામાં રક્તપિત્તના રોગીને પોતાના જ સ્વજનો, પૂર્વના પાપથી આ રોગ થતો હોવાના વહેમથી દરિયાને હવાલે કરતા. એવા સમયે આવા રક્તપિત્તના રોગીઓને, પર પીડાને પામી જનાર સંત દેવીદાસ પોતાની પરબની જગ્યામાં લાવતા અને સારવાર કરતાં.

આવા સેવાકાર્યોમાં નિજાનંદ માણીને ઈશ્વરની આરાધના કરતા આવા સંતો અને સમાજસેવકોના સેવાકાર્યો પાછળ એમનું પર પીડાનું થયેલું દર્શન હતું.

જુગતરામ દવે ઉચ્ચ, સુખી પરિવારમાં જન્મીને પોતાનું આખું જીવન આદિવાસી વિસ્તારમાં સેવાપ્રવૃત રહીને વ્યતીત કરે. સાધુ મૂળદાસ કુંવારી સગર્ભા કન્યાના ગર્ભ માટે પોતાને જવાબદાર ગણાવે, ઈસુખ્રિસ્ત વધસ્તંભ પર ચડતાં પણ કરુણાવાન બની શકે, વાલ્મિકી જેવા સંસારથી પર થયેલ ઋષિ પણ સગર્ભા સીતાને આશ્રય આપીને માતાની મમતાથી પ્રસુતિ પાર પાડી શકે.

આ બધા પારકી પીડાને પોતાનાં હૃદયમાં માળો બાંધવા દીધો હોય, એવા ઉત્તમ પુરુષોના ઉત્તમ ઉદાહરણો છે.

ટૂંકમાં આધ્યાત્મિકતાના રસ્તે ચાલવા ઈચ્છતો દરેક માણસ આ પરની પીડા જાણવાનો ગુણ કેળવે તે આવશ્યક છે.

પર પીડા નહીં જાણતો માણસ જ્ઞાતિએ વૈષ્ણવ હોઈ શકે પણ વૈષ્ણવજન ન હોઈ શકે.

દુનિયામાં જેણે કંઈક પ્રેરણાત્મક - સારું કાર્ય કર્યું છે, પોતાના માટે નહીં પણ અન્યના સુખ વિશે વિચાર્યું છે, એ તમામના જીવન જોઈએ તો એમના જીવનનો પ્રથમ ગુણ પર પીડા જાણવાનો દેખાઈ આવે છે.

મહાનતાના ગૌરીશંકરે પ્રતિષ્ઠિત થયેલ કોઈ પણ મહાપુરુષે આ પ્રથમ પગથિયાની અવગણના કરી હોય એવું એક પણ ઉદાહરણ જોવા નહીં જ મળે.

આ પ્રથમ પગથિયું ચડયા વિના, બાયપાસ મોટો બનવા માગતો માણસ ધાર્મિક કે આધ્યાત્મિક હોવાનો ડોળ - ઢોંગ કરી શકે, આધ્યાત્મિક બની ન શકે, કારણ કે માત્ર તિલક, કંઠી, દીવા - આરતી, અન્નકૂટ વગેરેથી વૈષ્ણવજન બની શકાય એવું આ પદ કે અન્ય કોઈ પણ પદમા દેખાતું નથી.

ભગવાન ભોળો છે, ભોટ નથી. સાચા અર્થમાં પરની પીડા નહીં જાણકાર માણસ પ્રભુનો રાજીપો પામે એ શક્ય જ નથી.

આવા માણસોના જીવનમાં દંભ હોય, દમ ન હોય અને દમ વગરના માણસનું જીવન દમદાર ક્યાંથી હોય ?

આધ્યાત્મિકતાનું પાયાનું ટોનિક આ પર પીડાનાં દર્શન થકી જન્મતી કરુણા છે.

આવા કરુણાવાન મહામાનવો, યુગપુરુષોના અવતારકૃત્યથી આ વિષભર્યો સંસાર જીવવા જેવો શીતળ બની રહ્યો છે.

પારકાની પીડા અનુભવી અને જગતને સો ટચની કરુણતાથી ભીંજવીને સુખી કરવા મથેલા, મથતા વૈષ્ણવજનોને સાદર વંદન સાથે અટકું.... (લેખ-૧) ■■■

સમાચાર દર્શન

મહાઅનુષ્ઠાનની મહાપૂર્ણાહુતિ

૫૦૦ નહીં ૫૦૫ કલાકની સ્વામિનારાયણ મહામંત્રની ધૂન હોય...

અને એ પણ રાત્રી-દિવસ અખંડ હોય...

અને વળી એમાં નામ અને નામી ભગવાન શ્રીસ્વામિનારાયણમાં મસ્ત અને મગ્ન, હિમાલય જેવા અડિખમ અલગારી સાધુઓનું સાંનિધ્ય હોય...

પછી ઠેઠ અક્ષરધામથી મારો મહારાજ મુક્તોએ સહિત સાગમટે રાસ લેવા ન પધારે એવુ કદી ના બને...

મહારાજ અને મુક્તોના હદયના ધબકારાની જેમ ધબકતી આ ધૂન એટલે પ્રગટ પુરુષોત્તમની અનુભૂતિનો અખાડો...

આ અખાડો કુસ્તીનો નહીં મસ્તીનો હતો...

મસ્તી જામી હતી મેમનગર ગુરુકુલના પ્રાંગણમાં...

સાંનિધ્ય હતું ગુરુવર્ય પૂજ્ય સ્વામીજીનું...

પુનમની રાત્રે જો અચાનક ચંદ્રમાં જમીન ઉપર ઉતરે તો ! ચકોરીઓનું આખું ઝુંડ કેટલી હદે ખુશીથી પાગલ બની શકે..?

જે જે આ આ ધૂનમાં આવીને બેઠા, ધૂનમાં મસ્ત પૂજ્ય સ્વામીજીની ભીંતરની ભીનાશને સ્પર્શી એમને સ્વને ઝંઝાળમાત્રથી દૂર લઈ જતા વાર ન લાગી.

ગોવર્ધનલીલાને ફંફોળો તો ગોવાળિયાના અનેક ટેકાઓની વચ્ચે કૃષ્ણની ટચલી આંગળી ઓછી દેખાશે. બસ એવું જ કંઈક ગુરૂકુલની તમામ સેવાપ્રવૃત્તિઓનું છે. કોઈપણ સેવાપ્રવૃત્તિ હોય, એનો આધારસ્તંભ તો પૂજ્ય સ્વામીજી જ હોય.

પોતે પહાડ જેવા પ્રચંડ જ્ઞાની છે, પણ એમની નજીક જઈ ફંફોળો તો અનેક ઝરણાંઓની મોજ માણી શકો. એ મોજમાં અનેક ગુરૂકુલના ફુલડાઓ મન મૂકીને ધૂનમાં મોજે ચડ્યા હતા.

આ ધબકતી ધૂનની કોઈ દીવાદાંડી હોય તો એ અખંડ અડીખમ ઉભેલા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી.

ધૂનમાં ગમે તે સમયે પધારો, ત્યારે પૂજ્ય સ્વામી બેઠેલાં જ હોય, અને એ પણ આ ઉમરે !

ભજનનું આયોજન કરવું અને એ આયોજન કર્યા પછી એમાં બધાની સાથે સતત ઓતપ્રોત રહેવુ, બંને અલગ ઘટનાઓ છે.

હજારો જીવોના જીવનરૂપી થાળીમાં ભોજનથી શરૂ કરી, ક્યારે 'ભજન' પીરસી દેવી એ કોઠાસૂઝ ફક્ત પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી પાસે મહારાજે મૂકેલી છે.

પૂજ્ય બાલ સ્વામીના સાંનિધ્યમાં સ્વામિનારાયણ નામથી છલોછલ અખંડ ધૂનના હોજમા છબછબિયા નહીં, પણ ડૂબી ગયા અનેક ભક્તો...

નાના-મોટા તમામ સંતો નાહ્યા આ ધૂનના ઘુનામાં... ચોવીસેય કલાક તરબતર થયા વિદ્યાર્થીઓ.... ભાવે ભીંજાયા દેશદેશાંતરના ભક્તો...

૫૦૫ કલાકની અખંડ ધુનમાં શું જોયું ? શું અનુભવ્યું ? શું મેળવ્યું ?

આ ધુનમાં દિવ્યતા જોઈ, ભવ્યતા અનુભવી, સાક્ષાત્ શ્રીહરિનો સાક્ષાત્કાર મેળવ્યો...

સદ્ગુરુ સંતોએ જ્યારથી ધૂનનો પ્રારંભ કરાવ્યો ત્યારથી પૂર્ણાહુતિ સુધી ધૂનનો રંગ ચડતોને ચડતો જોયો.

ગુલાબી સવારની ગુલાબી ઠંડી હોય, સૂરજનું મધ્ય બપોર હોય કે ઢળતી સાંજ હોય...

રઢિયાળી રાત્રીની તો વાત જ નોંખી. યુવાનો હિલોળે ચડે... ઢોલના તાલે.

મધ્યાહ્નનો સમય મહિલાભક્તોનો... આ સમયે જાણે ગોપીઓ ઘેલી થઈ કૃષ્ણને આરાધે... કૃષ્ણને મળવા ઝંખે એમ બહેનો આરાધ્યમાં ઓગળી જાય. ધૂનની રમઝટ બોલે હદયના ઊંડા ભાવથી.

સ્વામિનારાયણ મહામંત્રની ધૂન તો ત્રિલોક થકી ન્યારી... પુરાણી સ્વામીનું આ વાક્ય આ ધૂનમાં સાચું પડે... ત્રિલોકીનો આનંદ ગુરુકુલના આંગણે માણવા મળે...

સંધ્યા સમય થતા જ ભક્તોની ભીડ ભરાવા લાગે. પ્રાર્થનાહોલ ટૂંકો પડે. ખૂણેખૂણો ભરાય જાય. બેસવાની જગ્યા ન મળે. છેવટે આંગણે બેઠક જામે.

આવા સમયે દિવ્ય દર્શન થાય ભગવાનનો ભાવથી અભિષેક કરતા પૂજ્ય ગુરુવર્ય સ્વામીના. હરિવરને હરખાવતા પૂજ્ય હરિસ્વરૂપ સ્વામીના...

આર્તનાદથી થતી આરતીનાં દર્શન કરી જાણે હૈયાનો ઉલ્લાસ પૂર્ણિમાના ચંદ્રની જેમ સોળે કળાએ ખીલે...

નરસિંહ મહેતા હાથમાં કરતાલ લઈને નાચતા એ તો નથી જોયું, પરંતુ ધૂનમાં ઉપસ્થિત નર-નારીના હૈયે

નરસિંહ મહેતા પ્રગટે. સ્થાન-સમયનું ભાન ભુલાય, હું અને હરિનો હથેવાળો થાય.

પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી દ્વારા હાથમાં કરતાલ લઈને થતું ભાવનૃત્ય બધાને ભાન ભુલાવે.

કેવા હશે ભક્ત પ્રહલાદ, ભક્ત ધ્રુવ કે નચિકેતા ? આપણે તો એમને નથી જોયા. એમની વાત સાંભળી છે. જે સાંભળ્યું છે એ જોયું છે ગુરુકુલના વિદ્યાર્થીઓમાં. પોતાના શરીરનું ભાન ભૂલી કરતાલ અને ઘૂઘરા લઈને મહારાજમાં મગ્ન થઈને ધૂન બોલતા વિદ્યાર્થીઓને જોઈને એ ભક્તો સાંભરી આવે. ધૂનનું અમૃત પીને અક્ષરધામના આમંત્રણ મેળવી લીધા વિદ્યાર્થીઓએ.

નાના બાળકોથી લઈને વડિલો, ઉદ્યોગપતીઓ, ધનવાનો, અધિકારીઓ, ધામ ધામથી પધારેલા સંતોએ.... સૌએ પીધો મહારસ, અમૃતરસ, મહામંત્ર રસ.

જે ક્યારેય નહોતા આવ્યા... એ એકવાર આવ્યા. એકવાર આવ્યા પછી બીજીવાર આવ્યા. બીજીવાર આવ્યા પછી તો આવતા પોતાને રોકી જ ન શક્યા. ન કોઈ આમંત્રણ, ન કોઈ સ્વાગત, ન કોઈ નોંધની અપેક્ષા. સૌને કેવળ અમૃતરસ પીવાની હોંશ.

શ્રદ્ધા ન હોય એ શ્રદ્ધાવાન થઈ જાય, નાસ્તિક હોય એ આસ્તિક થઈ જાય, કોરો હોય એ ભીંજાઈ જાય અને ભીંજાયેલો તરબતર થઈ જાય એવો અખંડ ધૂનનો માહોલ જામ્યો હતો.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે સો વર્ષ પહેલા જૂનાગઢમાં યોજેલા ૨૧ દિવસના મહાયજ્ઞની સફળતાથી સંપ્રદાય ગૌરવાન્વિત થયો હતો. એ જ રીતે જે ભાગ્યના ભરાવદાર હતા એમને ૫૦૫ કલાક - ૨૨ દિવસના આ અખંડ જપયજ્ઞના ભાગીદાર થવા મળ્યું. સો વર્ષ પહેલા ઘટેલી દિવ્ય ઘટના પુનરાવર્તિત થઈ.

ચારો તરફ અહો! અહો! અહો! થયું.

ન કોઈ ઝંઝાળ, ન કોઈ સંસાર, ન કોઈ વિચાર. બસ એક જ વાત અહો! અહો! અહો!

કેવો અદ્‌ભુત અખંડ જપયજ્ઞ!

જ્યાં કોઈ મેળો નહોતો, છતાં લોકો મેળે મેળે આવ્યા.

જ્યાં કોઈના લગ્ન નહોતા, છતાં સૌને લગની લાગી હતી.

જ્યાં કોઈ લૌકિક ઘોંઘાટ નહોતો, હતો રાગ-ઢાળ ને મંત્રનો રણકો.

જ્યાં કોઈ ધમધમાટ નહોતી, કેવળ સૂર અને તાલની જમાવટ હતી.

નવા રાગ, નવો તાલ, નવો રાસ, નવો નવો ભાવ, નવો ને નવો જ ઉત્સાહ! શું મસ્તી!

સૌ સમયનું ભાન ભૂલ્યા, સ્થળને વિસર્યા. અરે ! દેહભાન ભૂલી નર્તન કરવા લાગ્યા.

ભજનની ભાગીરથી વહી રહી અને એમાં પાછું ઘોડાપુર આવ્યું. એ પ્રવાહમાં સૌ તણાયા. જડ-અજડ, ચેતન-અચેતન બધા જ.

ગુરુકુલની દીવાલો, પથ્થરો, અરે ! કણ કણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલવા લાગ્યા!

આમ તો સંતો-ભક્તો શ્રીજી સ્થાપિત છ મંદિરેથી ધૂન લાવ્યા હતા, પણ સાથે જાણે અક્ષરધામના મુક્તો ધૂન કરવા આવ્યા હોય એવું થયું!

સવારે ધૂનમંડપમાં પુષ્પની પાંખડીઓ પથરાયેલી જોઈને લાગે છે કે મધરાતે મુક્તોએ પુષ્પવૃષ્ટિ કરી હશે!

અષાઢી અનરાધાર મેહની જેમ શ્રીજી અને સદ્‌ગુરુઓની જાણે કૃપાવર્ષા થઈ રહી!

અહીં નાદબ્રહ્મ છે કે પછી બ્રહ્મ જ નાદ બનીને વરસી રહ્યો છે ?

હૈયે હૈયું દળાય એવી આ ભીડ સરકસ જોવાની નહીં, સ્વામિનારાયણને ભજવા રહી.

મારી પાસે સમય નથી એવું કહેનારા અહીં સમયનું ભાન ભૂલી ગયા...

અહીં આવનારા કોઈ ગાંડા નહોતા, પણ જાય ત્યારે ગાંડા થઈને જતા હોય એવું લાગ્યું...

અહીં ભોજનના નહીં, ભજનના ભૂખ્યા આવ્યા...

અહીં રાત-દિ આંખના પલકારાની જેમ પસાર થઈ ગયા...

કોણ કહે છે કળિયુગ છે ? અહીં તો કળીમધ્યે સત્યુગ સર્જાયો...

કોણ કહે છે યુવાનો ભજન ન કરે ? અહીં તો યુવાનોની ભીડ લાગી...

મોબાઈલમાં મશગુલ રહેનારા મધરાતે મહારાજમાં મગ્ન થયા એનાથી મોટો કયો ચમત્કાર ?

અહીં કોઈ મોટીવેશનલ સેમિનાર નહોતો, છતાં આવનાર દરેક મોટીવેટ થઈને ગયા...

અહીં કોઈ પોઝિટીવ થીંકીંગની વાત નહોતી, છતાં દરેક પોઝિટીવ એનર્જીથી ભરાઈને ગયા...

યુવાનોને નાચતા જોઈ ગલઢેરાઓનેય યુવાની ફૂટી!

કોઈને નથી આળસ, નથી ઊંઘ કે નથી પ્રમાદ, માત્ર આનંદ આનંદ ને આનંદ ! લાગે છે કે કરોડ કામ પડતા મૂકીને લોકો મોક્ષ સુધારવા આવ્યા. અરે ! ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડે પણ નોંધ લીધી અને વર્લ્ડ રેકોર્ડમાં નોંધ્યું.

આવી અનોખી, અજબ-ગજબની અમૃતરસ ભરી ધૂન થઈ એને શું કહીશું ?

ઈશ્વરની ઈચ્છા! સદ્‌ગુરુઓની કૃપા! કે પછી પુરુષાર્થ!

જાણે ત્રણેયનો સરવાળો થઈ ગયો !!!

ધૂનની પૂર્ણાહુતિ થઈ ગયા પછી પણ ગુરુકુલની દિવાલો, પથ્થરો, અરે કણ કણમાં સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... પડઘા સંભળાઈ રહ્યા છે.

સહેજે... સહેજે... થયેલું ધૂનનું આયોજન અનેક લોકો માટે અક્ષરધામની કેડી કંડારી ગયું...

જે આવ્યા તે બધા જ ધન્ય...ધન્ય...ધન્ય... થઈ ગયા!

આપણી આ ચામડાની આંખો તો શુ જોઈ શકે ? પરંતુ સદ્‌ગુરુઓની દ્રષ્ટિએ અક્ષરધામમાં બેઠા બેઠા શ્રીજી મહારાજ, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી, સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી, સદ્‌ગુરુ ગોપીનાથદાસજી સ્વામી, પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય જોગી સ્વામી વગેરે સદ્‌ગુરુઓ આ અખંડ ધૂનમાં ધૂણી ધખાવનારાઓ ઉપર આશીર્વાદની અમિવર્ષા વરસાવી રહ્યા હતા.

કોટિ કોટિ વંદન અખંડ ધૂનની પ્રેરણા આપનારા પૂજ્ય સ્વામીજીને.... કોટિ કોટિ વંદન ભજન ભક્તિમાં તરબોળ કરાવનાર પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીને... કોટિ કોટિ વંદન પૂજ્ય હરિસ્વરૂપ સ્વામીને... કોટિ કોટિ વંદન જેમણે જેમણે ધૂનમંડપમાં બેસી સ્વામિનારાયણ મહામંત્રમાં મગ્ન થયા તેને....

આ ધૂનનું એક નિમિત્ત હતું. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગરની સ્થાપનાનો સુવર્ણજયંતી મહોત્સવ. આગામી વર્ષે ગુરુકુલને પચાસ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે ઉજવાનાર મહોત્સવનો પ્રારંભ ધૂનથી થાય એવો સદ્‌ગુરુઓનો સંકલ્પ વટવૃક્ષ બની ગયો.

સુવર્ણજયંતી મહોત્સવના આયોજનોમાં ભજન અને સેવા મુખ્ય છે. માટે જ પાયામાં જો ભજન ધરબાય તો મહોત્સવની ધજા દિગંતમાં લહેરાય. આવા શુભ સંકલ્પ સાથે ધૂન થઈ. તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ પ્રારંભ થયો અને તા. ૫ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મહાપૂર્ણાહુતિ થઈ. જેવો પ્રારંભ ભવ્ય એવી જ ભવ્યાતિભવ્ય પૂર્ણાહુતિ.

ધૂનની પૂર્ણાહુતિ નિમિત્તે સમસ્ત ગુરુકુલ પરિવાર ઉપસ્થિત હતો. ગુરુકુલ પરિવારના સ્નેહમિલન પ્રસંગે લાઈટ-સાઉન્ડ, મ્યુઝીક અને નૃત્યના સથવારે સદ્‌ગુરુ સંતોએ સુવર્ણજયંતી મહોત્સવના લોગાનું વિમોચન કર્યું. સુવર્ણ જયંતી મહોત્સવની તારીખ છે: ૧૭થી ૨૨ ડિસેમ્બર, ૨૦૨૬.

આ શુભ પ્રસંગે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ સૌ ભક્તોને તન-મન-ધનથી ધૂનમાં જોડાવા બદલ ધન્યવાદ પાઠવ્યા હતા તથા આગામી વર્ષે ઉજવાનાર મહોત્સવમાં જોડાવા અપીલ કરી હતી. પૂજ્ય સ્વામીજીએ શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા સમજાવ્યો હતો અને ભજનમાંથી ઉઠતી સેવા રૂપી સુગંધને ગુરુકુલનું, આપણા સદ્‌ગુરુઓનું મુખ્ય કાર્ય જણાવ્યું હતું.

કન્યા છાત્રાલય શિલાન્યાસ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના શુભ સંકલ્પથી ૫૦૦ દીકરીઓ માટે આધુનિક સુવિધાઓ સાથેના નિઃશુલ્ક કન્યા છાત્રાલયનો શિલાન્યાસ તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યો હતો. અહીં અંદાજિત ૨૦ કરોડના ખર્ચે દિકારીઓ માટે શ્રેષ્ઠ આવાસ, રમતા ગમત માટે આધુનિક સુવિધાઓ સાથેનું છાત્રાલય ભવન તૈયાર થશે.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ જણાવ્યુ હતું કે, આપણાં શાસ્ત્રો કહે છે કે 'दस पुत्र समा कन्या' અર્થાત એક દીકરી દસ દીકરા સમકક્ષ છે. સંસ્કારી દીકરી બે પરિવારનો ઉદ્ધાર કરે છે. ગુરુકુલમાં સંસ્કારયુક્ત શિક્ષણ પ્રાપ્ત કરી દીકરીઓ આદર્શ રાષ્ટ્રના નિર્માણમાં જોડાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે છાત્રાલયના ખાતમુહૂર્ત અવસરે જણાવ્યું હતું કે, દરેક સમસ્યાનું સમાધાન જ્ઞાન છે. જીવન વ્યવહારના તમામ પ્રશ્નોનો ઉકેલ શિક્ષણ દ્વારા આવી શકે છે, ત્યારે સ્વામિનારાયણ ગુરુકુલ દ્વારા ગીર ગઢડાના અંતરિયાળ વિસ્તારમાં દીકરીઓ માટેનું છાત્રાલય બનાવવા માટેનું કદમ નવા અધ્યાયની શરૂઆત સમાન છે. ગુરુકુળ દ્વારા છેવાડાના વિસ્તારમાં ગામોની એક હજાર દીકરાઓને શિક્ષણ આપવામાં આવે છે. તે સાથે હવે દીકરીઓને પણ ઉત્તમ પ્રકારનું શિક્ષણ છાત્રાવાસ સાથે અહીં ઉપલબ્ધ થવાનું છે તે આપણા સૌ માટે ગૌરવની વાત છે. અહીં અભ્યાસ માટે આવનારાના અભ્યાસની સાથે ઉત્તમ ચારિત્રનું નિર્માણ થાય છે. તેથી વાલીઓ પણ નિશ્ચિત બની જાય છે. હું ૧૯૯૫ માં મેમનગર નગરપાલિકાનું ઈલેકશન લડ્યો ત્યારથી જ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના આશીર્વાદ મારા પર રહ્યા છે. સમાજ તથા રાષ્ટ્રના કલ્યાણ માટેની એમની ભાવનાઓ પ્રસંસનીય છે.

સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાએ જણાવ્યું હતું કે, SGVPના આ વિસ્તારમાં આગમનને કારણે અહીંની દશા અને દિશા બન્ને બદલાઈ

ગઈ છે. સંસ્કારયુક્ત શિક્ષણ એ આજના સમયની જરૂરિયાત છે. જે ગુરુકુલ પરંપરામાં આદર્શ રીતે પ્રાપ્ત થઈ રહ્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ સંતોના હસ્તે અદ્યતન નૂતન કન્યા છાત્રાલયના નિર્માણમાં યોગદાન આપનાર દાતાશ્રીઓ શ્રી આર.ડી. વરસાણી, શ્રી જસમતભાઈ સોરઠિયા, સતીશભાઈ ગદોયા, વિશ્રામભાઈ (સિશલ્સ), કે. વરસાણી, રાજુભાઈ શાહ, ભીમજીભાઈ વરસાણી, આર.એસ. પટેલ વગેરે સમાજશ્રેષ્ઠીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

વીસ કરોડના ખર્ચે તૈયાર થનાર ચાર માળના આ અદ્યતન નૂતન કન્યા છાત્રાલયમાં ૫૦૦ વિધાર્થીનીઓ રહી શકે એવી વ્યવસ્થા કરવામાં આવશે. આ રમણીય કેમ્પસમાં દીકરીઓને નિઃશુલ્ક અભ્યાસની સાથે સંસ્કારમય વાતાવરણ પ્રાપ્ત થવાનું છે.

પૂજ્ય સ્વામીજીની દીર્ઘદ્રષ્ટિ અને પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શનના ફળ સ્વરૂપે આ પરિસરમાં પ્રાર્થના હોલ, કિચન, એડમિન ઓફિસ, વિધાર્થીનીઓના રૂમ, ડાઈનિંગ હોલ, વાંચનાલય, મેડિકલ રૂમ વગેરે સુવિધાઓ પ્રાપ્ત થશે. ભરત કલા, નૃત્ય એકેડમી, આઇ.ટી ગ્રાફિક્સ, બ્યૂટી પાર્લર, નૃત્ય એકેડમી, જ્વેલરી ડિઝાઈન અને મ્યૂઝિક એકેડમી સહિતના વિવિધ કલાકેન્દ્રોના માધ્યમથી વિધાર્થીનીઓની આંતરિક શક્તિઓને ખીલવા માટે મોકળું મેદાન મળશે.

આ અવસરે જૂનાગઢ જિલ્લાના સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, જિલ્લા પંચાયતના પ્રમુખ મંજુવાબેન મૂછાર, જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પિઠીયા, કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા વગેરે મહાનુભાવો અને આસપાસના ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

SGVP સૂર્યા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ઉદ્ઘાટન

SGVP ઈન્ટરનેશનલ સ્કુલ રીબડા રાજકોટના આંગણે ઈન્ટરનેશનલ કક્ષાના સ્પોર્ટસ કોમ્પલેક્ષનું નિર્માણ થતા ૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગુરુવર્ય પૂજ્ય સ્વામીજી, શ્રી વજુભાઈ વાળા, સમગ્ર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષના દાતા શ્રી વિશ્રામભાઈ વરસાણીની ઉપસ્થિતિમાં ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ કોમ્પલેક્ષમાં ઈન્ટરનેશનલ કક્ષાના ઈન્ડોર અને આઉટડોર સ્પોર્ટસ ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં વોલીબોલ, બાસ્કેટબોલ, સ્વીમીંગ, ટેનીસ, બેડમિન્ટન, જુડો જેવી અનેક રમતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને ફિટનેસ જાળવી રાખવા માટે મદદરૂપ થાય તેવું આધુનિક જીમનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી વાળાસાહેબે જણાવ્યું હતું કે, ગુરુકુલમાં દેશના ભવિષ્ય એવા યુવાનોને સર્વ રીતે તૈયાર કરવામાં આવે છે એ જોઈ ખૂબ આનંદ થાય છે. મુખ્ય દાતા શ્રી વિશ્રામભાઈ વરસાણીના બહુમાન વખતે પૂજ્ય સ્વામીજીએ વિશ્રામભાઈના સ્વર્ગસ્થ પુત્ર સૂર્યકાન્તભાઈને યાદ કરીને 'સૂર્યા ઈજ અવર હીરો'નું સૂત્ર આપી વિધાર્થીઓને પ્રેરણા લેવા માટે કહ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા રજુ થયેલ સ્પોર્ટ્સ નૃત્ય અને દંગલ જેવી સાહસિક કૃતિઓને નિહાળી સૌએ આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે રીબડા ગુરુકુલના સંચાલક પૂજ્ય ધર્મવત્સલદાસજી સ્વામી તથા ગુરુકુલની સમસ્ત ટીમને સંતો-મહાનુભાવોએ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી પ્રેમજીભાઈ રણછોડભાઈ સેંજલિયા :- ગામ રબારિકા નિવાસી તથા ગુરુકુલના અનન્ય સેવક શ્રી પ્રેમજીભાઈ સેંજલિયા તા. ૨૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ૭૫ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. પ્રેમજીભાઈનું જીવન સૌ માટે પ્રેરણાદાયી હતું. એમની સમજણ તથા સેવા અનોખા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેની અનન્ય નિષ્ઠા અને ભક્તિ તેમને વારસામાં મળી હતી. સદ્‌ગુરુ સંતો તથા સંસ્થા પ્રત્યેની નિષ્ઠા દૃઢ રાખી તેઓ રહ્યા. ભગવાન શ્રીહરિ પ્રેમજીભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા સુપુત્ર અશ્વિનભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ઇશ્વરલાલ રણછોડભાઈ અકબરી :- રાજકોટ નિવાસી પ.ભ. શ્રી અકબરી સાહેબના સુપુત્ર શ્રી ઈશ્વરલાલ અકબરી તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. એકાંતિક ભક્ત રણછોડભાઈ માટે ગુરુકુલ સર્વસ્વ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ અને સંતોની અપાર કૃપા મેળવી. એમના યુવાન સુપુત્ર ઈશ્વરભાઈ અક્ષરવાસી થતા સમગ્ર ગુરુકુલ પરિવાર શોકની લાગણી અનુભવે છે. ભગવાન શ્રીહરિ ઈશ્વરભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા પિતાશ્રી રણછોડભાઈ તથા સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી મુકેશભાઈ દયાળભાઈ પટેલ :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી મુકેશભાઈ પટેલ તા. ૧૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. નિષ્ઠા અને ભક્તિ સાથે જોડાયેલા આ પરિવારની સેવા ગુરુકુલમાં ખૂબ રહી છે. આદરણીય દયાળજીભાઈ તો ગુરુકુલમાં સમર્પિતભાવે વર્ષોથી સેવા આપી રહ્યા છે. મુકેશભાઈએ ખૂબ સમજણ સાથે સત્સંગ રાખ્યો હતો અને પિતાશ્રીનો વારસો જાળવ્યો હતો. ભગવાન શ્રીહરિ મુકેશભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા પિતાશ્રી દયાળજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કાનજીભાઈ પ્રેમજીભાઈ કેરાઈ :- લંડન નિવાસી શ્રી કાનજીભાઈ કેરાઈ તા. ૨૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. કાનજીભાઈની સેવાએ પણ ખૂબ મોટી છે. ભગવાન શ્રીહરિ કાનજીભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા સુપુત્ર કુંવરજીભાઈ, વિનોદભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કરશનભાઈ રાણાભાઈ સાવલિયા :- રાજુલા નિવાસી તથા ગુરુકુલના સેવાકાર્યોમાં નિષ્ઠાથી જોડાયેલા કરશનભાઈ તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. કરશનભાઈ ખૂબ સારા સત્સંગી હતા. ભગવાન શ્રીહરિ કરશનભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા નિલકમલ, રાજકમલ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી અતુલભાઈ વલ્લભભાઈ શેલડિયા :- અમેરિકા નિવાસી તથા ખૂબ સારા સત્સંગી પરિવારના શ્રી અતુલભાઈ શેલડિયા અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે અને ખૂબ સેવાઓ કરે છે. ભગવાન શ્રીહરિ અતુલભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. રતનબેન વલ્લભભાઈ ઘેલાણી :- રાજકોટ નિવાસી તથા ગુરુકુલના સેવાકાર્યોમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરેલું એવા રતનબેન ઘેલાણી તા. ૨૪ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. રતનબેને પોતાની સર્વ સંપત્તિ ગુરુકુલને અર્પણ કરી ખૂબ મોટી સેવા કરી હતી. આવા પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી શાંતુબેન રવજીભાઈ કોરાટ :- ગામ ઈંટવાયા નિવાસી શ્રી શાંતુબેન કોરાટ તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલના સેવાકાર્યો સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ શાંતુબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ પરસોત્તમભાઈ, પોપટભાઈ, દુર્લભભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

શ્રી નિતેશ ધનજીભાઈ હિરાણી - એલ્ડોરેટ, કેન્યા
શ્રી દિવ્યેન હરિશભાઈ ડબાસીયા
શ્રી રવિ ભીખાભાઈ પંડ્યા, ભાવનગર
શ્રી ધન્ય ભૌતિકભાઈ પટેલ, હોંગકોંગ
શ્રી નરેશભાઈ લાલજીભાઈ પટેલ, હ. લાલજીકાકા, અમદાવાદ
શ્રી નયનાબેન દિપકભાઈ વાણંદ, અમદાવાદ
શ્રી પંકજભાઈ લાલજીભાઈ દેસાઈ, હ. મિલન તથા મોનીલ-ચિત્તલ
શ્રી કૃણાલભાઈ કનુભાઈ પટેલ, અમદાવાદ
શ્રી રાવજીભાઈ અંબાલાલ પટેલ, ઝુંડાલ
શ્રી નેવિલ વસંતભાઈ કાલેરીયા, મોરબી
અ.નિ. અતુલકુમાર વલ્લભભાઈ શેલડીયા, ન્યુજર્સી
શ્રી રાગભાઈ જવંતભાઈ લાડાણી, અમદાવાદ
શ્રી રુવિન સેનજરયા, દેવાંગ રામનની, હોસ્ટેલ વિદ્યાર્થી
શ્રી પૂજન પટેલ, પાર્થ પટેલ, હોસ્ટેલ વિદ્યાર્થી
શ્રી લાલજીભાઈ અરજણભાઈ આહિર, અમદાવાદ
શ્રી જિતેનભાઈ મૂળજીભાઈ, મસ્કત
શ્રી સમીર પટેલ- USA
શ્રી જોષી મીત દોલરભાઈ
શ્રી યશભાઈ સોજીત્રા, અમદાવાદ
શ્રી સચિન ગોવિંદભાઈ રાઘવાણી, યુ.કે
અ.નિ. નિશાબેન કનુભાઈ પટેલ, અમદાવાદ

આગામી આયોજન

તા. ૦૨/૦૨/૨૫, રવિવાર : **વસંત પંચમી, રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજ પાટોત્સવ :** છારોડી ગુરુકુલ, સવારે ૭:૦૦ કલાકે
તા. ૦૬/૦૨/૨૫, ગુરુવાર : **શ્રીહરિ જયંતી :** શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર તથા નિલકંઠવર્ણી અભિષેક : મેમનગર ગુરુકુલ
તા. ૦૮/૦૨/૨૫, શનિવાર : **જયા એકાદશી :**
તા. ૧૪/૦૨/૨૫, શુક્રવાર : **ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પુન્યતીથી : ગુણાનુવાદ સભા,** મેમનગર ગુરુકુલ, સાંજે ૭:૦૦ કલાકે
તા. ૨૪/૦૨/૨૫, સોમવાર : **વિજયા એકાદશી**
તા. ૨૬/૦૦/૨૫, બુધવાર : **મહાશિવરાત્રિ**

અખંડ ધૂન નિમિત્તે વિશાળ ફલકૂટ, સમૂહ મહાપૂજા તથા પૂર્ણાહુતિ પ્રસંગે ઘનશ્યામ મહારાજના અભિષેક દર્શન
ધૂનમાં નિમગ્ન સંતો તથા ભક્તજનો, અમદાવાદ ગુરુકુલ

રીબડા-રાજકોટ ગુરુકુલ ખાતે નૂતન SGVP સૂર્યા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષના ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી,
શ્રી વજુભાઈ વાળા, મુખ્ય યજમાન શ્રી વિશ્રામભાઈ વરસાણી, સંતો-ભક્તો

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/20009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2025-2027
Valid Upto 31-12-2027 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at PSO Ahmedabad on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQR/092/2025-2027 valid upto 31-12-2027. Date of Publication is 25th of every month.

દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે ભગવાન રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે અભિષેક-અન્નકૂટ દર્શન, ગૌપૂજન કન્યા છાત્રાલયના નૂતન ભવનના શિલાપૂજન પ્રસંગે ઉપસ્થિત સંતો, મુખ્યમંત્રીશ્રી, મહાનુભાવો તથા ભક્તજનો

If undelivered Please Return to:

Shree Swaminarayan Gurukul

Gurukul Road, Memnagar,

Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

વાર્ષિક લવાજમ રૂા. ૫૦/– પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/–